RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 34, Dt.20-04-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બાબાની યોગ શિબીરોની એન્ટ્રી ફી પર સર્વીસ ટેક્સ વસૂલો

## યોગગુરૂને સુપ્રીમ કોર્ટે આપ્યો વધુ એક ઝટકોઃ ઓક્ટોબર-૨૦૦૬થી માર્ચ ૨૦૧૧ સુધીનો દંડ અને વ્યાજ સાથે રૂ.સાડા ચાર કરોડનો સેવા કર ચુકવવા સુપ્રીમનો આદેશઃ અલ્હાબાદ પીઠના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોર્ટે કર્યો ઈન્કાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

યોગગુરૂ, બાબા રામદેવની મુશ્કેલીનો અંત નથી આવતો હવે બાબા રામદેવનાં પતંજલી યોગપીઠ ટ્રસ્ટને શુક્રવારે સુપ્રિમ કોર્ટે ઝટકો આપ્યો છે.અદાલતે અપીલીયય ન્યાયાધીકારણનાં એ નિર્ણયને યથાવત રાખ્યો. જેમાં ટ્રસ્ટને યોગ શિબીરનાં આયોજન માટે એન્ટ્રી ફી લેવા પર સેવા કર ચુકવવાનું કહેવામાં આવ્યુ હતું.

ન્યાયમુર્તિ આમય એસ.ઓઝા અને ન્યાયમુર્તિ ઉજ્જવલ ભુઈયાની પીઠે સીમા શુલ્ક, ઉત્પાદન શુલ્ક અને સેવા કર અપીલીય ન્યાયાધિકરણ (સીઈએસટીએટી) ની અલાહાબાદ પીઠના ૫ ઓક્ટોબર ૨૦૨૩ ના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરી દીધો હતો પીઠે પતંજલી ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું હતું કે ન્યાયાધિકરણનાં આદેશની સમીક્ષા કરવાનું કોઈ કારણ નથી.

ખરેખર તો સીઈએસટીએટીએ પોતાના આદેશમાં કહ્યુ હતું કે પતંજલી યોગપીઠ ટ્રસ્ટ યોગ શિબીરોમાં સામેલ થવા માટે ચાર્જ વસુલવામાં આવે છે. એટલે આ સ્વાસ્થ્ય ફીટનેસ સેવાની શ્રેણીમાં આવે છે અને તેના પર સેવા કર લાગશે.

સીમા શુલ્ક અને કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક, મેરઠ રેન્જના કમિશ્નરે ઓકટોબર ૨૦૦૬ થી માર્ચ ૨૦૧૧ માટે દંડ અને વ્યાજ સહીત લગભગ ૪.૫ કરોડ રૂપિયાના સેવા કરની પતંજલી યોગપીઠ ટ્રસ્ટ પાસેથી માંગ કરી હતી. જેના જવાબમાં ટ્રસ્ટે દલીલ કરી હતી કે તે એવી સેવાઓ આપી રહ્યું છે જે બીમારીઓનાં ઈલાજ માટે છે. આ સેવાઓ સ્વાસ્થ્ય અને ફીટનેસ સેવા અંતર્ગત કર યોગ્ય નથી.

# લોકસભાની ચૂંટણી પૂર્વે ડીડી ન્યૂઝનો લોગો કેસરિયો થતાં વિપક્ષ લાલઘૂમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી વચ્ચે એક મોટી ઘટના બની છે. પબ્લિક બ્રોડકાસ્ટર દૂરદર્શને ડીડી ન્યૂઝના ઐતિહાસિક લોગોનો રંગ લાલથી બદલીને કેસરી કરી દીધો છે. ડીડી ન્યૂઝના ઓફિશિયલ એક્સ હેન્ડલ પરથી આ મામલે જાહેરાત કરવામાં આવી હતી જેમાં જણાવાયું કે, પજો કે અમારા મૂલ્યો એ જ છે, અમે હવે નવા અવતારમાં હાજર થયા છીએ. હવે એવી સમાચાર યાત્રા માટે તૈયાર થઈ જાઓ જે પહેલાં ક્યારેય જોઈ નહોતી... એકદમ નવા DD ન્યૂઝનો અનુભવ કરો.

જોકે ડીડી ન્યૂઝનો આ નિર્ણય વિપક્ષને માફક આવ્યો નથી. તે ફેરફારથી નારાજ જોવા મળી રહ્યો છે. આ મામલે તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને પ્રસાર ભારતી (DD, AIR) ના પૂર્વ ઈઓિઘ જવાહર સિરકરે આ લોગો ફેરફારની આકરી ટીકા કરતાં તેને પદૂરદર્શનનું ભગવાકરણથ ગણાવ્યું. તેમણે પર લખ્યું કે, પરાષ્ટ્રીય પ્રસારણકર્તા દૂરદર્શને તેનો ઐતિહાસિક ફ્લેગશિપ લોગો ભગવા રંગે રંગી નાખ્યો છે! તેના પૂર્વ ઈઓિઘ તરીકે મને આ ભગવાકરણ પર




ચિંતા થઇ રહી છે અને હું એવું અનુભવું છું કે હવે આ પ્રસાર ભારતી નથી પણ પ્રચાર ભારતી બની ગઈ છે.

આ મામલે કોંગ્રેસ નેતા મનીષ તિવારીએ આક્ષેપ કર્યો હતો કે દૂરદર્શનના લોગોનો રંગ બદલવો એ સરકાર દ્વારા સરકારી સંસ્થાઓને કબજે કરવાનો પ્રયાસ છે. ઉલ્લેખનીય છે કે મનીષ તિવારી યુપીએ સરકાર દરમિયાન ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી હતા. તેમણે કહ્યું કે, પસરકાર દ્વારા ભગવાવાદ અને સરકારી સંસ્થાઓને કબજે કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. આ પગલું સ્પષ્ટપણે ભારતના જાહેર પ્રસારણકર્તાની તટસ્થતા અને વિશ્વસનીયતાને નબળી પાડે છે.


બીજી બાજુ ભાજપના આંધ્રપ્રદેશના ઉપાધ્યક્ષે કહ્યું કે, પજ્યારે ૧૯૫૯માં દૂરદર્શન શરૂ થયું ત્યારે તેનો લોગો ભગવો હતો. સરકારે મૂળ લોગો અપનાવ્યો છે, પરંતુ લિબરલ્સ અને કોંગ્રેસ નારાજગી વ્યક્ત કરી રહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેને ભગવા અને હિંદુઓ પ્રત્યે નફરત છે. ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ વિપક્ષના નેતાઓ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, પઆ લોકોને ભગવાથી એટલી નફરત છે કે તેઓ ભગવા રંગનો આનંદ લઈ શકતા નથી... આ લોકો માત્ર તુષ્ટિકરણ કરનારા છે.દૂરદર્શનના આ પગલાનો બચાવ કરતા પ્રસાર ભારતીના સીઈઓ ગૌરવ દ્વિવેદીએ કહ્યું કે, પનારંગી રંગનો નવો લોગો દેખાવમાં આકર્ષક છે અને આ ફેરફાર વિઝ્યુઅલ એસ્થેટિકને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. લોગોનો રંગ નારંગી છે કે ભગવો નથી. પમાત્ર લોગો જ બદલાયો નથી, પરંતુ અમે ઉઓના સમગ્ર લૂકને અપગ્રેડ કર્યો છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકો આ અંગે બેફામ બોલી રહ્યા છે. અમે છેલ્લા છ-આઠ મહિનાથી ડીડીનો લૂક બદલવા કામ કરી રહ્યા હતા.

# મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં જયસુખ પટેલ સામે કોર્ટ કન્ટેમ્પટ કાર્યવાહીની નોટીસ

## પિડિતોને મહિને ૧૨ હજાર ચુકવવા જ પડશે અન્યથા બેન્ક ખાતા ટાંચ લેવાનો આદેશ કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મોરબીનો ઝુલતો પુલ તૂટતા ૧૩૫ નિર્દોષ લોકોના મૃત્યુના કેસની સુઓમોટો રીટની સુનાવણીમાં હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂધ્ધ પી.માયીની ખંડપીઠે ઓરેવા ગ્રુપ અને તેના એમ.ડી.જયસુખ પટેલની ભારે ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે આદેશ કર્યો છે કે, પીડીતોને કાયમી નાણાકીય સહાય અને તેમનાં વિવિધ મુદ્દાના નિવારણ માટે ટ્રસ્ટનાં ગઠન સંદર્ભે ઓરેવા કંપનીએ કંઈ જ કર્યું નથી. જે દર્શાવે છે કે કંપની અને તેનાં ડીરેક્ટર બદઈરાદા પુર્વક અને જાણી જોઈને કોર્ટના આદેશોને અવગણી રહ્યા છે. તેથી કંપનીનાં એમ.ડી.ને નોટીસ પાઠવવામાં આવે



છે કે શા માટે કોર્ટના આદેશોની અવગણના કરવાનાં મામલે તેમની સામે કાર્યવાહી ન કરવામાં આવે. આ કેસની વધુ સુનાવણી ૨૬મી એપ્રિલે મુકરર કરાઈ છે.

મોરબી હોનારતનાં કેસમાં શુક્રવારે સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટીસ સુનિલા અગ્રવાલની ખંડપીઠે ઓરેવા કંપનીનો ભારે ઉધડો લેતાં ટકોર કરી હતી કે નતમારે લીધે જ દુર્ઘટના ઘટી હતી અને નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા, બાળકો અનાથ થયા, લોકો કાયમી દિવ્યાંગ થયા આ જાહેર હીતની અરજીનો હાઈકોર્ટે સ્વતઃ સંજ્ઞાન લીધુ હતુ અને તમને કોઈ અધિકાર નથી કે તમે કોઈ રજુઆત કરો.ઉલટાનું તમે જાણે પીડીત હોવ એવી રીતે અહી રોકકળ કરો છો.હકીકતમાં તો તમારા લીધે જ નિર્દોષ લોકો નિરાધાર બન્યા છે.

સમગ્ર ઘટના માટે એકમાત્ર તમે જ જવાબદાર છો. તમને કેસમાં પાર્ટી તરીકે જોડયા હોઈ શકે. પરંતુ આ જાહેર હીતની અરજીમાં વારંવાર હાઈકોર્ટે આદેશ કર્યો છે અને તમે તેની અમલવારી કરતા નથી.

# ઈરાન બાદ ઈઝરાયલનો ઈરાક પર હુમલોઃ હથિયારો-ઉપકરણો તથા વાહનો નષ્ટ કરાયા

**મુખ્ય સમાચાર, બગદાદ**

ઈઝરાયેલે ઈરાન બાદ હવે ઈરાક પર હુમલો કર્યો છે. ઈરાકના પોપ્યુલર મોબાલાઈઝેશન ફોર્સના સૈન્ય અડ્ડાને નિશાન બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એકનું મોત થયુ હતું અને અન્ય છ ઘાયલ થયા હતા. ડ્રોનના કાફલા મારફત આ હુમલો કરાયાનો દાવો કરવામાં આવ્યો છે.

મીડીયા રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ઈરાકમાં બે જુદા-જુદા હુમલા કરવામાં આવ્યા હતા. સૈન્ય મથક પરના હુમલામાં વ્યાપક નુકશાન થયુ હતું. બોંબ વિસ્ફોટમાં વ્યુહાત્મક સૈન્ય સુવિધાઓને નુકશાન થયુ હતું. બગદાદથી ૫૦ કીમી દુર કલસો સૈન્ય મથકને નિશાન બનાવાયુ હતું. અન્ય એક રિપોર્ટમાં ૩ એફ-૩૫ જેટ મારફત હુમલો કરાયાનો દાવો કરવામાં આવ્યો છે.

બીજી તરફ અમેરિકી નેતૃત્વ હેઠળના ગઠબંધન દ્વારા એવુ નિવેદન જારી કરાયુ છે કે આ હુમલામાં સભ્ય દેશો સામેલ થયા નથી. ગઠબંધન દેશોના સંયુક્ત દળો દ્વારા કોઈ હુમલો કરાયો નથી છતાં હુમલાના રિપોર્ટ વિશે તપાસ કરવામાં



આવી રહી છે. એક રીપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાક પરના હુમલા વખત અમેરિકા-ઈઝરાયેલના ડઝનેક યુદ્ધ વિમાનોના ઉડ્ડયન હતા. અમેરિકા તથા ઈઝરાયેલે બોંબમારો કર્યો હોવાનો ઈન્કાર કર્યો હતો.

ગત જાન્યુઆરીમાં ઈરાક પરના હવાઈ હુમલાને અમેરિકાએ જ નિષ્ફળ બનાવ્યો હતો. ઈરાકમાં અમેરિકાના ૨૫૦૦ સૈન્ય જવાનો મૌજૂદ છે. આતંકી સંગઠન ઈસ્લામીક સ્ટેટને માથુ ઉંચકતુ રોકવાના ઉદેશ સાથે આ મિશન જારી રાખવામાં આવ્યુ છે.

# ચૂંટણી સમયે કલમ ૧૪૪ હેઠળ અપાયેલાં પ્રતિબંધાત્મક આદેશો અંગે સુપ્રીમ સમિક્ષા કરશે

## અમદાવાદમાં ચૂંટણી સમયે કાળા વાવટા દર્શાવવા પર પ્રતિબંધનો વિવાદ પણ હાઈકોર્ટમાં જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં હાલ ચાલી રહેલા ક્ષત્રિય સમાજના રાજકોટના લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેના આંદોલનમાં ગઈકાલે જ અમદાવાદ પોલીસ કમિશ્નર જાહેરનામામાં ઉમેદવારની સભા-સરઘસ કે તેમના પ્રચાર સમયે કાળા વાવટા દર્શાવવા પર પ્રતિબંધ મુકયો તે મુદો હવે ગુજરાત હાઈકોર્ટમાં લઈ જવા ક્ષત્રિય સમાજે નિર્ણય લીધો છે તે વચ્ચે હવે ચુંટણી સમયે જે રીતે જીલ્લા કલેકટર દ્વારા કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જે રીતે આડેધડ જાહેર થાય છે તે પણ સુપ્રીમકોર્ટની એરણ હેઠળ છે.

હાલ મતદાર જાગૃતિ માટે સભા કે



યાત્રા આયોજન અંગે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવા જીલ્લા કલેકટર સહિતની ઓથોરીટીને આદેશ આપ્યો છે. ગઈકાલે એક ખાસ સુનાવણીમાં સુપ્રીમકોર્ટે જણાવ્યું કે ચુંટણીમાં મતદાન સહિતના મુદે લોકોમાં જાગૃતતા આવે તે માટે યાત્રા કે જનસભા કે તેવા આયોજન થતા હોય તો તે માટે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે.

આ બાદ સુપ્રીમકોર્ટ કલમ ૧૪૪ હેઠળ જે પ્રતિબંધાત્મક આદેશો ચુંટણી સમયે જાહેર કરવામાં આવે છે તેને પડકારતી રીટ અરજી પર પણ સુનાવણી કરવા તૈયારી દર્શાવી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈની ખંડપીઠ સમક્ષ દલીલ કરવામાં આવી કે ચુંટણી છે એટલે તેના આધારે જ કલમ ૧૪૪નો અમલ જાહેર કરી દેવામાં આવે છે. પણ તેનાથી લોકોના ચુંટણી મુદાઓ સમજવાના કે મતદાન માટેની જાગૃતતા લાવવા માટેના જે આયોજનો થાય છે તે પણ યોજી શકાતા નથી.


સર્વોચ્ચ અદાલતે તે બાદ મતદાર જાગૃતી માટે સભા-યાત્રા કે તેવા કાર્યક્રમો માટે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવા જણાવ્યું છે. સામાજીક કાર્યકર્તા નિખીલ ડે અને અરણા રાયની અરજી પરથી આ આદેશ આપ્યો હતો તો હવે ચુંટણી સમયે કલમ ૧૪૪ હેઠળના પ્રતિબંધાત્મક આદેશમાં સુપ્રીમ કોર્ટે તેની યોગ્યતા અંગે વિચારણા કરવાની તૈયારી કરી છે જે અંગે હવે સુનાવણી થશે.

# ક્રુડ તેલના આયાત બિલમાં પંદર ટકાનો ઘટાડો

## રશિયાના ડિસ્કાઉન્ટમાં ઓઈલના પૂરવઠાનો ભારતને લાભઃ આ સતત બીજું વર્ષ છે કે જ્યારે આયાતનું પ્રમાણ મહામારી પહેલાના સ્તરથી ઉપર રહ્યું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રશિયા ખાતેથી સસ્તા ક્રુડ તેલની આયાતને પરિણામે સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતનું ક્રુડ આયાત બિલ વાર્ષિક ધોરણે ૧૫.૯૦ ટકા નીચું રહી ૧૩૨.૪૦ અબજ ડોલર આવ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં દેશનું ક્રુડ તેલ આયાત બિલ ૧૫૭.૫૦ અબજ ડોલર રહ્યું હતું.૨૦૨૨-૨૩માં ક્રુડ તેલના આયાત બિલમાં વાર્ષિક ધોરણે ૩૦.૪૦ ટકા વધારો થયો હતો એમ સરકારી આંકડા જણાવે છે.



સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં દેશની ક્રુડ તેલ આયાતની માત્રા ૨૩.૨૫ કરોડ ટન સાથે લગભગ સ્થિર રહી હતી. આયાત વોલ્યુમમાં ખાસ ઘટાડો જોવા મળ્યો નથી.

ગયા નાણાં વર્ષની ક્રુડ તેલની આયાત સતત બીજા વર્ષે કોરોના પહેલાના સ્તર કરતા ઊંચી રહી છે. નાણાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨.૬૯ કરોડ ટન અને નાણાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૯.૬૪ કરોડ ટન આયાત કરાયું હતું.

દેશમાં ક્રુડ તેલના કુલ વપરાશમાં ૮૭.૭૦ ટકા આયાત પર નિર્ભર રહેવું પડયું હતું. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં આયાત નિર્ભરતામાં અગાઉના બે નાણાં વર્ષની સરખામણીએ વધારો જોવા મળ્યો છે.માર્ચમાં રશિયા સતત ૧૮માં મહિને ક્રુડ તેલનો સૌથી મોટો પૂરવઠેદાર દેશ રહ્યો હતો. પ્રતિ દિન ૧૩.૬૦ લાખ બેરલ સાથે રશિયા ખાતેથી માર્ચની આયાત માસિક ધોરણે સાત ટકા ઊંચી રહી હતી.

યુક્રેન પર આક્રમણ બાદ પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધ મૂક્યા છે જેમાં તેની પાસેથી ક્રુડ તેલની ખરીદી માટેના ભાવ પર પણ નિયમન લાગુ કરાયા છે. પ્રારંભિક સમયમાં ઊંચા ડિસ્કાઉન્ટ બાદ ભારતને રશિયાના ક્રુડ તેલ પરના ડિસ્કાઉન્ટમાં ઘટાડો થયો છે.

જોકે, ભારતની આયાત નિર્ભરતા નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૮૭.૭ ટકાની નવી ઊંચી સપાટીએ પહોંચી હતી, જે અગાઉના બે વર્ષમાં ૮૭.૪ અને ૮૫.૫ ટકા કરતાં વધુ હતી. પેટ્રોલિયમ ઉત્પાદનોના વપરાશની ગણતરીના આધારે માર્ચ મહિનામાં ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા વધીને ૮૮ ટકા થઈ ગઈ છે.

વિશ્લેષકોએ અગાઉ આગાહી કરી હતી કે યુએસએ ૨૩ ફેબ્રુઆરીએ રશિયાના મુખ્ય ટેન્કર જૂથ સોવકોમફ્લોટ પર નવા પ્રતિબંધો લાદ્યા પછી આયાત ઓછી રહેશે. યુક્રેન પર રશિયાના હુમલાના બે વર્ષ પૂરા થવાના અવસર પર આ જાહેરાત કરવામાં આવી હતી. જોકે, ભારતને રશિયા તરફથી મળતું સરેરાશ ડિસ્કાઉન્ટ હવે સૌથી નીચા સ્તરે પહોંચી ગયું છે.

# બિહાર-છત્તીસગઢમાં નોંધાયેલી FIR પર કાર્યવાહી રોકવાની બાબાએ સુપ્રીમમાં માંગ કરી

## આયુર્વેદિક દવાઓથી રોગ મટાડવાના ખોટા દાવા કર્યા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૧૯ એપ્રિલ) યોગ ગુરુ રામદેવની અરજી પર સુનાવણી કરી. જેમાં તેમણે કોવિડ-૧૯ મહામારી દરમિયાન એલોપેથિક દવાઓના ઉપયોગ સામેની તેમની ટિપ્પણીઓ પર નોંધાયેલી અનેક FIR પર કાર્યવાહી રોકવાની માંગ કરી હતી.

જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ પીબી વરાલેની ખંડપીઠે બાબા રામદેવને એવા લોકો માટે પણ પાર્ટી બનાવવાનો નિર્દેશ આપ્યો છે જેમણે તેમની સામે વ્યક્તિગત રીતે ફરિયાદ કરી હતી. બેન્ચે સુનાવણીની આગામી તારીખ ૨૦ મે નક્કી કરી છે.

IMAના પટના (બિહાર) અને રાયપુર (છત્તીસગઢ) વિભાગે ૨૦૨૧માં બાબા રામદેવ વિરુદ્ધ FIR કરી હતી. બેંચે કોર્ટની ઉનાળુ વેકેશન પૂર્ણ થયા



બાદ સુનાવણીની આગામી તારીખ ૨૦ મે નક્કી કરી છે.

રામદેવે પોતાની અરજીમાં કેન્દ્ર, બિહાર, છત્તીસગઢ અને IMઅને પક્ષકાર બનાવ્યા છે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૯ ઓક્ટોબરે તેમને નોટિસ પાઠવી હતી. રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ઈંખઅની અરજી પર સુનાવણી ચાલી રહી છે. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીનની બેંચે તેમને ૭ દિવસનો સમય આપ્યો છે. આ મામલામાં આગામી સુનાવણી ૨૩ એપ્રિલે થશે.

આ દરમિયાન, દિલ્હી મેડિકલ એસોસિએશન (DMA)એ પણ આ કેસમાં પક્ષકાર બનવાની મંજૂરી માંગી છે. DMAએ આરોપ લગાવ્યો છે કે રામદેવે એલોપેથીનું અપમાન કર્યું હતું અને લોકોને પ્રેક્ટિકલ અને પ્રોટોકોલની અવગણના કરવા માટે ઉશ્કેર્યા હતા.

DMA, જેમાં ૧૫,૦૦૦ ડોક્ટરો સભ્યો છે, તેમણે દાવો કર્યો છે કે રામદેવની પતંજલિએ કોરોનિલ કિટ્સ વેચીને ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. તેને કોઈ જવાબદાર અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવી ન હતી.જો કે, સુપ્રીમ કોર્ટ પહેલાથી જ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી છે.

# મોરબીમાં હત્યાના ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓની અટકઃ હજુ એક આરોપી પોલીસ પકડથી દૂર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં રામકૃષ્ણગરમાં રહેતા યુવકને તેના મિત્ર સાથે ફોનમાં કોઈ બાબતે બોલાચાલી થઇ હોય જેનો ખાર રાખી યુવક અને તેના ઘર પરીવાર ઉપર હુમલો કરવાના બનાવમાં યુવકના ઘરની બહાર ચપ્પલની લારીમાં આગ લગાડતા વચ્ચે પડેલ યુવકના પિતાને સળગતી લારીમાં ધક્કો મારી પાડી દેતા જેમાં દાઝી ગયેલ યુવકના પિતાનું સારવારમાં મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો ત્યારે હત્યાના ગુનામા સંડોવાયેલા ચાર આરોપીઓને મોરબી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા છે જયારે હજુ એક આરોપીની અટક કરવા બાકી હોય ત્યારે તેની શોધખોળની તજવીજ હાથ ધરી છે.

હત્યાના ગુનાની ટૂંક વિગત મુજબ મિત્રો સાથે ફોનમાં બોલાચાલીનો ખાર રાખી યુવક ઉપર હુમલો કરાયો હતો જે બાબતે યુવકની માતા દ્વારા બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે મોરબીના રામકૃષ્ણનગરમાં ગઇ તા.૧૩/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના સમયે યુવકના રહેણાકના સ્થળે આરોપીઓએ ભેગા મળી મારામારી કરેલ ત્યારબાદ આરોપીઓના અન્ય મિત્રોએ ફરીયાદીના પતિને માર મારી ઘરની બહાર શેરીમા રાખેલ ચંપલની લારીને આગ લગાડી સળગાવી નુકશાન કરેલ અને ફરીયાદીના પતિ (મરણજનારને ) માર મારી સળગતી લારી પાસે ધકો મારી ફેકી દીધેલ જેઓ સારવાર દરમ્યાન મરણ જતા ગુનામા કલમ ૩૦૨નો ઉમેરો કરી ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ મોરબી બી ડિવિઝન પોલીસ દ્વારા જુદી જુદી ટીમ બનાવી આરોપી શનીભાઇ ઉર્ફે વેલાભાઇ રમેશભાઇ લાલુકીયા ઉવ ૩૨ રહે.મોરબી રામકૃષ્ણનગર શેરી નં આર/૧૦, જયદેવસિંહ ઉર્ફે જયુભા પંચાણજી ઝાલા ઉવ.૩૫ રહે.મોરબી ભડીયાદ રોડ રામાપીરના ઢોળા પાસે, વિમલભાઇ નટૂભાઇ કામળીયા ઉવ.૨૭ રહે-ઘુંટૂગામ, રામકો વીલેજ સોસાયટી મોરબી-૨, સંદીપભાઇ રાજેશભાઇ બોળા ઉવ.૨૦ રહે-ઘુંટૂગામ, રામકો વીલેજ સોસાયટી મોરબી-૨ એમ કુલ ચાર આરોપીઓને શોધી જેલ હવાલે કરવામાં આવ્યા છે ત્યારે હજુ એક અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે.

# જામનગર લોકસભા બેઠક માટે વધુ ૭ ઉમેદવારી પત્ર ભરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા બેઠક માટે અંતિમ દિવસે વધુ ૭ ઉમેદવારી પત્ર ભરાયા હતાં. આમ ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થતાં કુલ ૨૪ ફોર્મ ભરાયા છે. ફોર્મની ચકાસણી થશે. ફોર્મ પરત ખેંચી શકાશે. જામનગર લોકસભાની બેઠક માટે ગત શુક્રવારથી ફોર્મનો ઉપાડ અને ભરવાની પ્રક્રિયા શરૂ થઇ હતી. પ્રથમ દિવસે ૫૭ ઉમેદવારી ફોર્મનો ઉપાડ થયો હતો. ત્યારપછી શનિવાર અને રવિવાર રજા હતી. જ્યારે સોમવારે વધુ ફોર્મ ૩૦ ફોર્મ ઉપડતા કુલ ૮૭ ફોર્મ ઉપડયા હતા અને ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા હતાં. વધુ ૮ ફોર્મનો ઉપાડ થયો હતો. આથી પાંચ



દિવસમાં કુલ ૯૫ ઉમેદવારી પત્રનો ઉપાડ થયો હતો. મંગળવારે વધુ ૮ ઉમેદવારી પત્ર ભરાયા હતાં. બુધવારે રામનવમીની રજા હતી. જામનગર લોકસભા બેઠક પર વધુ ૬ ફોર્મ ભરાયા હતાં. શુક્રવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે વધુ ૭ ફોર્મ ભરાયા હતાં. આમ ઉમેદવારી પત્ર રજૂ કરવાની અંતિમ મુદત સુધીમાં કુલ ૨૪ ફોર્મ ભરાયા છે. શનિવારે ઉમેદવારી પત્રની ચકાસણી કરવામાં આવશે. જયારે ૨૨ એપ્રિલના ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. આગામી તા.૭-૫ના મતદાન થશે. જયારે ૪-૬ ના મતગણતરી હાથ ધરવામાં આવશે. ત્યારે કોઇ ફોર્મ રદ થાય છે કે કેમ અને કેટલા ઉમેદવારો ફોર્મ પરત ખેંચે છે તેના પર સૌની મીટ મંડાઇ છે. લોકસભા બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવાની સમય મર્યાદા પૂર્ણ થઇ છે ત્યારે ૨૨ એપ્રિલે ફોર્મ પરત ખેચાયા બાદ કેટલા ઉમેદવાર ચૂંટણી જંગના મેદાનમાં છે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. ઉમેદવારનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ રાજકીય પક્ષો દ્વારા પ્રચાર જોરશોરથી શરૂ કરાશે. હજુ શહેર-જિલ્લામાં જોઇએ તેવો ચૂંટણી માહોલ જોવા મળતો નથી. જોકે, સ્થાનિક રાજકારણ ગરમાયું છે

# પિતાએ અભ્યાસ અંગે ઠપકો આપતાં જામનગરની વિદ્યાર્થિનીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના વૈશાલીનગરમાં રહેતા એક વિદ્યાર્થિનીને અભ્યાસ બાબતે પિતાએ ઠપકો આપતા માઠું લાગી આવવાથી આ વિદ્યાર્થિનીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા મૃત્યુ નિપજ્યું છે. પોલીસે પિતાનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે. જામનગરના બેડેશ્વર વિસ્તાર પાસે આવેલી વૈશાલી નગરની શેરી નં.૩માં રહેતા પ્રવીણભાઈ ટકુભાઈ રાઠોડ નામના પ્રૌઢની ૧૯ વર્ષની પુત્રી ભૂમિકાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો.આ યુવતીને નીચે ઉતારી પરિવારજનોએ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને ચકાસ્યા પછી મૃત્યુ પામેલી જાહેર કરી હતી. પિતા પ્રવીણભાઈ રાઠોડે પોલીસને જાણ કરી છે. દોડી આવેલા સિટી-બી ડિવિઝનના જમાદાર સોયબ મકવાએ પિતાનું નિવેદન નોંધ્યું છે.નિવેદનમાં જણાવવામાં આવ્ય મુજબ પ્રવીણભાઈએ પુત્રી ભૂમિકાને અભ્યાસ બાબતે ઠપકો આપ્યો હતો. તેથી માઠું લાગી આવતા તેણીએ આ પગલું ભરી લીધુ છે. પોલીસે નિવેદનની નોંધ કરી તપાસ હાથ ધરી છે.


# યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી જામનગરની સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું નિર્માણ કરાયુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર , આગામી લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અંતર્ગત લોકોમાં મતદાન જાગૃતિ લાવવા માટે જામનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તેમજ યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી જામનગરની સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ શૃંખલામાં આચાર્ય, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી. તેઓના સામૂહિક પ્રયત્નોથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# મોરબી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય શાખા દ્વારા કેન્સર રોગની જાગૃતિ અર્થે વેર્કશોપનું આયોજન કરવામાં આવ્યું





**મુખ્ય સમાચાર, મોરબી**

જિલ્લા પંચાયત ખાતે કેન્સર જેવા ગંભીર રોગ મામલે આજે વર્કશોપ યોજાયો હતો જેમાં ળબબત ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા તેમજ જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. આ વર્કશોપ જિલ્લા પંચાયત ખાતે યોજાયો હતો જેમાં વિવિધ તજજ્ઞ દ્વારા વક્તવ્ય કરવામાં આવ્યું હતું

મોરબી જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ના મેડિકલ ઓફિસર તથા તમામ તાલુકા હેલ્થ ઓફિસર ને માર્ગદર્શન પૂરું પાડવા માટે ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ ખાતેથી કેન્સર નિષ્ણાંત ડોકટર તથા સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટ ખાતેથી ઓનકોલોજિસ્ટ હાજર રહ્યા હતા અને વર્કશોપ માં હાજરી આપનાર ને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# જામનગરના બેડ ગામે દંપતિ ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નજીક બેડમાં રામ મંદિર પાસે ભરાતા મેળામાં કટલેરી નો માલ સામાન વેચવા માટે ગયેલા જામનગરના એક દંપતિને રસ્તે ચાલવાના પ્રશ્ન બે સ્થાનિકોએ લાકડી વડે માર માર્યો હતો, અને આંખમાં મરચાની ભૂકી છાંટી માલસામાન વેરણ છેરણ કરી નાખી રૂપિયા ૪૦ હજારનું નુકસાન કર્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દરબારગઢ વિસ્તારમાં રહેતી અને કટલેરી નો માલ સામાન વેચવાનો વ્યવસાય કરતી ચાંદની બેન નીતિનભાઈ (ઉંમર વર્ષ ૨૯) કે જે વેપારી મહિલા રામનવમીના તહેવારના દિવસે બેડ માં આવેલા રામના મંદિરની પાસે ભરાતા મેળામાં પોતાના પતિ સાથે કટલેરી નો માલ સામાન વેચવા માટે ગઈ હતી, અને મંદિર નજીક પથારો પાથરીને માલ સામાનનું વેચાણ કરી રહ્યા હતા.જે દરમિયાન તેઓના માલ સામાનની બાજુમાં રસ્તો ન હોવા છતાં ક્રિપાલસિંહ અને અરુણ નામના બે સ્થાનિક શખ્સો પથારા પાસેથી પસાર થયા હતા. જેથી ચાંદનીબેન અને તેના પતિએ અહીંથી પસાર થવાની ના પાડતાં બંને શખ્સો ઉસકેરાઈ ગયા હતા, અને તેઓએ પોતાની પાસે રહેલી મરચાની ભૂકી દંપતિની આંખોમાં છાંટી હતી.

ત્યારબાદ લાકડી વડે હુમલો કરી દંપત્તિને ઘાયલ કર્યા હતા, અને તેઓનો કટલેરી નો માલ સામાન વેરણ છેરણ કરી નાખી અંદાજે ચાર હજાર રૂપિયાનું નુકસાન પહોંચાડયું હતું.જેથી સમગ્ર મામલો સિક્કા પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને બંને શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં સિક્કા પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ અને જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુન્હો નોંધ્યો છે, અને હુમલા બાદ આરોપીઓ ભાગી છૂટયા હોવાથી તેઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ચિલ્ડ્રન – સીનીયર સીટીઝન પાર્કનું વજુભાઈ વાળાના હસ્તે ઉદ્દઘાટન











**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં શ્રી મનુભાઈ વોરા ચિલ્ડ્રન - સિનીયર સિટીઝન પાર્કનું પૂર્વ નાણા મંત્રી અને ગવર્નર વજુભાઈ વાળાના હસ્તે ઉદઘઘાટન થયું હતું. મનુભાઈ વોરા મેમોરીયલ ટ્રસ્ટ અને સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં આર્થિક સહયોગથી આ પાર્કનું સર્જન થયું છે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીનાં પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા , સોસાયટીનાં પ્રથમ પ્રમુખ આર ડી આરદેશણા , સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજય જોશી , મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરા , વાઇસ ચેરમેન કૌશિક મહેતા અને અન્યો ઉપસ્થિત હતા.

જાણીતા સમાજસેવી સ્વ. મનુભાઈ વોરાની સ્મૃતિમાં માતબાર રકમના દાનથી બનેલા ચિલ્ડ્રન અને સીનીયર સિટીઝન પાર્કનું નિર્માણ થયું જેને પૂર્વ ગવર્નર વજુભાઈ વાળાએ ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે એમણે મનુભાઈ વોરા સાથેના પોતાના સબંધોને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે, મનુભાઈ અન્યો માટે કરી છૂટવા તત્પર રહેતા. રાજકોટ બાલભવન સહીત અનેક સંસ્થાઓનાં સર્જનમાં એમની ભૂમિકા રહી હતી.

સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કર્મચારી સોસાયટીમાં એમના નામે પાર્ક બન્યો છે એ આનંદની ઘટના છે. આ પાર્કમાં બાળકો રમતા થશે અને એમના કિલ્લોલથી વાતાવરણ ગુંજશે એ દ્રશ્યો હું કલ્પી શકું છું. આ સોસાયટીને બહુ સસ્તામાં જમીન મળી હતી પણ સોસાયટી માટે જેમને વિચાર આવ્યો એ સૌથી મહત્વનું છે. અહી વિવિધ પ્રવુતિઓ થાય એવી મારી શુભેચ્છા છે.

આ સોસાયટીનાં પ્રથમ પ્રમુખ આર ડી આરદેશણાએ સોસાયટી કઈ રીતે સ્થપાઈ એની વિગતો આપી હતી. જુની યાદો તાજી કરી હતી. એમણે કહ્યું કે, ઘણી બધી કર્મચારી સોસાયટીનાં સર્જનમાં મારી ભૂમિકા રહી છે. વર્તમાન પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયાએ સંસ્થાના ઇતિહાસથી માંડી અને સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. સોસાયટીનાં ૫૦ વર્ષના પ્રસંગે બહુરંગી સોવીનીયર બન્યું અને એ વિષે પણ માહિતી આપી હતી. અન એમણે સોસાયટીમાં અન્ય સંભવિત પ્રવૃત્તિઓ અંગે ભવિષ્યની રૂપરેખા પણ આપી હતી.

મનુભાઈ વોરા અંગે વાત કરતા સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં કૌશિક મહેતાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં બાલભવનના સર્જનમાં મનુભાઈની મુખ્ય ભૂમિકા હતી અને એમની સ્મૃતિમાં બાલ ક્રીડાંગણ બન્યું છે . સીઝન્સ સ્કેવર ટ્રસ્ટ દ્વારા થતી પ્રવૃત્તિનો પણ એમણે ચિતાર આપ્યો હતો. સોસાયટીનાં મંત્રી અજય જોશીએ સૌનું સ્વાગત કર્યું હતું. આભારવિધી સોસાયટીના ઉપપ્રમુખ અને વરિષ્ઠ ઉધોગપતિ સજી મેથ્યુએ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા સમાજસેવી અનુપમ દોશીનું પણ અભિવાદન કરાયું હતું. સંચાલન ડો. સેજલ ભટ્ટ અને જીતેશકુમાર એમ. પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું. સોસાયટીના કલ્ચરલ ફોરમના સભ્યો ડો. સેજલબેન ભટ્ટ, શ્રીમતી ગીતાબેન ભરતભાઈ વાછાણી, ડો. સ્વાતિબેન યોગેશભાઇ જોશી અને પૂર્વ સભ્ય શ્રીમતી કાજલબેન જયુલભાઈ ખેરડીયા ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પ્રો. અનામિક શાહ, અનુપમભાઈ દોશી, સોસાયટીના સ્થાપક મંત્રીશ્રી યુ. એન. પંડ્યા, ડી. બી. દવે, એન. એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ પ્રો. યુ. વી. મણવર, ડી. પી. ત્રિવેદી, સહમંત્રી શ્રી અજયસિંહ પરમાર, સહમંત્રી રમેશ સભાયા, શૈલેષ પટેલ, કૈલેશકુમાર તન્ના, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા સહિત તમામ કારોબારી સમિતિના સભ્યો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, શ્રી અમરસિંહ રાબા, હિન્દુસ્તાન પ્રોજેક્ટના ભીમાભાઇ કેશવાલા, કર્મયોગી કોલેજના ટ્રસ્ટીશ્રી ડો. શાંતિલાલ વીરડીયા, રાજકોટના નામાંકિત ડોક્ટર્સ અને અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. સોસાયટીનાં પૂર્વ અને વર્તમાન હોદ્દેદારો તેમજ સીઝન્સ સ્કવેર ટ્રસ્ટના ભરત દુદકિયા તેમજ નવરંગ નેચર કલબના વી. ડી. બાલા તેમજ મહેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે વરિષ્ઠ પત્રકાર નિલય ઉપાધ્યાય સાથે કલ્પેશ ઉપાધ્યાય અને એડવોકેટ જગદીશ ભટ્ટ વગેરેએ સુંદર ગીત રચના પ્રસ્તુત કરી હતી.

# જનરલ ઓબ્ઝર્વર ભવાની સિંહ દેથાએ આદર્શ આચારસંહિતાના પાલન માટેની તમામ મોનીટરીંગ કમિટીની મુલાકાત લીધી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમ્યાન અમલમાં આવેલ આદર્શ આચાર સંહિતાના પાલન માટેની મીડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટી, સી વિજિલ, સોશ્યલ મીડિયા મોનીટરીંગ કમિટી અને હેલ્પલાઇન ૧૯૫૦ના કંટ્રોલરૂમની જનરલ ઓબ્ઝર્વર શ્રી ભવાની સિંહ દેથાએ મુલાકાત લીધી હતી.


જનરલ ઓબ્ઝર્વર ભવાની સિંહ દેથાએ તમામ પ્રકારના પેઇડ ન્યુઝના પ્રસારણ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરી હતી. શ્રી દેથા કંટ્રોલ રૂમની તમામ કાર્યવાહીથી માહિતગાર થયા હતા. હેલ્પલાઇન પર નોંધાતી ફરિયાદનું નિવારણ, ઇલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસારિત થતા સમાચારો, સોશ્યલ મીડિયામાં જોવા મળતી ચૂંટણી સંબંધિત મેટર્સ વગેરેનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા દેથાએ કમિટી મેમ્બર્સને માર્ગદર્શન આપ્યું હતું, અને હીટ વેવથી બચવાના અંગેની તમામ માર્ગદર્શિકાનું યોગ્ય પાલન કરવા મેમ્બર્સને અનુરોધ કર્યો હતો.

આ તકે લાયેઝન ઓફિસર જનકસિંહ ગોહિલ, કે.વી.મોરી, એમ.સી.એમ.સી.નોડલ ઓફિસર સોનલ જોષીપુરા, સોશ્યલ મીડિયા કમિટીના નોડલ ઓફિસર મનોજ વર્મા, એન.આઇ.સી.ના પલ્લવ કેંડુરકર, આઇ.સી.ટી.ઓફિસર નમ્રતા નથવાણી, સી વિજિલના નોડલશ્રી એચ.કે.સ્વામી, મામલતદાર મહેશ દવે તથા અન્ય નાયબ મામલતદારો ઉપસ્થિત રહયા હતા.

# મતદાન દેને જાએંગે, ભારત કે લિએઃ ગોંડલમાં વીડિયો સોંગ થકી નાગરિકોને મતદાન અપીલ

## આંગળી પર મતદાનના ટપકાં સાથેની માનવ નિર્મિત વિશાળ આકૃતિ બનાવી મતદાન જાગૃતિની અનોખી પહેલ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. દરમિયાન ૭૩-ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી રાહુલ ગમારાના નેતૃત્વમાં વિશેષ વીડિયો બનાવીને મતદાનની અપીલ કરવામાં આવી છે.

ગોંડલમાં વિશાળ મેદાનમાં હાથની આંગળી પર મતદાનના ટપકાં સાથેની માનવ નિર્મિત વિશાળ આકૃતિ બનાવાઈ હતી. જેની વિશેષતા એ હતી કે, ગોંડલ પ્રાંત અધિકારી શ્રી રાહુલ ગમારા તેમજ ચૂંટણી શાખાનો સ્ટાફ, અન્ય સ્ટાફ, સ્વીપ પ્રવૃત્તિમાં જોડાયેલો સ્ટાફ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિતના લોકોએ સાથે મળીને આ આકૃતિ રચી હતી. આ આકૃતિનું વીડિયો સોંગ બનાવવામાં આવ્યું છે. જય ભારત હે.. હમ ભારત કે મતદાતા હૈ.. મતદાન દેને જાએંગે ભારત કે લિએ.. સબસે બડા ત્યૌહાર હૈ હમારા.. મતદાન હૈ અધિકાર હમારા.. જેવા વીડિયો ગીતના શબ્દો મતદાન માટેનો ઉત્સાહ જગાવીને નાગરિકોને અચૂક મતદાન માટે પ્રેરિત કરે છે. આ વીડિયો અનેક મતદારોના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આ ઉપરાંત ૭૪-જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં તાલુકા ખાતે ગેસ એજન્સી દ્વારા ગેસ સિલિન્ડરો પર મતદાર જાગૃતિ અંગેના સ્ટીકર લગાવીને મહિલા મતદારોને જાગૃત કરવાનો પ્રયાસ કરાયો છે, તો જેતપુરની શાળા નંબર ૧૫, ૫, ૬, તેમજ તાલુકા શાળા ખાતે ચુનાવ કી પાઠશાળા કાર્યક્રમ યોજી અચૂક મતદાન માટે અપીલ કરી, મતદાનના શપથ લેવાયા હતા.

જયારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. કાંત જોગાણી દ્વારા પણ મતદાન જાગૃતિનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં મતદાન કરવું એ મૂળભૂત ફરજ અને અધિકાર છે તેવા સિક્કા બનાવીને એસોસિએશનમાં નોંધાયેલા ૨૫૦૦ ડોક્ટર્સને અપાયા છે. ડોક્ટરો દ્વારા દર્દીઓને દવાનું કાગળ તેમજ જે ફાઈલ અપાય છે, તેમાં આ સિક્કા મારવામાં આવે છે. જેનાથી દવાના નામ સાથે નાગરિકોને મતદાન જાગૃતિનો સંદેશ પણ મળે છે.

# દૂધ મંડળીના સૌથી મોટા ગ્રામીણ નેટવર્ક થકી વહી મતદાન જાગૃતિની સરવાણી

## ૫૦ હજારથી વધુ દૂધ ઉત્પાદકોની રોજની ૮૦ હજાર સ્લીપ અને અમુલ દૂધના પેકીંગમાં મતદાનના સંદેશા પહોંચ્યા ઘર ઘર





**મુખ્ય સમાચાર, રાજકોટ**

'મારો મત મારો અધિકાર' મતદાન જાગૃતિનો મેસેજ ગામે ગામ અને ઘર ઘર સુધી પહોંચાડવાનું શ્વેત કાર્ય રાજકોટ ડેરી દ્વારા આરંભાયું છે. લોકશાહીના મહાપર્વમાં નોખા અનોખાં કાર્યક્રમોમાં હવે દૂધ ઉત્પાદક મંડળીઓ પણ જોડાઇ ચુકી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા ચાલતા અભિયાન હેઠળ ગ્રામ પંચાયત થકી ગ્રામીણ વિસ્તાર પણ કવર થઈ રહ્યો છે. જેનું ઉદાહરણ છે દૂધ ઉત્પાદક મંડળીઓ.

રાજકોટ ડેરીને દૂધ પહોંચાડતી દૂધ મંડળી સાથે જોડાયેલા ૫૦ હજારથી વધુ ખેડૂતો અને પશુ પાલકોને દૂધ સાથે આપવામાં આવતી સ્લિપમાં મતદાન જાગૃતિ અર્થે 'મારો મત મારો અધિકાર' ની ટેગ લાઈન પ્રિન્ટ કરી આપવામાં આવે છે. રોજ સવાર સાંજ મળીને આશરે ૮૦ હજાર જેટલી સ્લીપ આપવામાં આવે છે. આમ ગ્રામીણ ક્ષેત્રમાં દૂધ ઉત્પાદક મંડળી જનજાગૃતિનું માધ્યમ બની છે.

જયારે અમુલ દૂધ પેકીંગ બેગ પર 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ' સ્લોગન પ્રિન્ટિંગ કરવામાં આવે છે. આ સંદેશ ઘર ઘર સુધી પહોંચતો કરવાનું શ્રેય અમુલને જાય છે. લોકો દૂધની શક્તિ સાથે જાગૃત બની રાષ્ટ્રને મજબૂત બનાવે તે માટે દૂધની બેગ માધ્યમ બની રહી છે.

દૂધ માત્ર શ્વેત ક્રાંતિ જ નહીં પરંતુ રાષ્ટ્ર ક્રાંતિને પણ ચુનાવમાં મતદાન થકી મજબૂત બનાવે તેવું આદર્શ માધ્યમ દૂધ ઉત્પાદકો અને વિક્રેતાઓ પણ બની રહ્યા છે.

દૂધ ઉત્પાદક મંડળીની મહિલાઓને મતદાન કરવાના શપથ પણ લેવડાવી મહિલાઓ સશક્ત ભારતના નિર્માણમાં ચૂંટણીના પર્વ થકી યોગદાન આપે તે માટે તંત્ર દ્વારા સમજાવવામાં આવી રહ્યા છે.

# વાંકાનેરના જીનપરા જકાતનાકા નજીકથી આઈપીએલ ક્રિકેટનો મોબાઈલમાં સટ્ટો રમતા વકીલ સહીત બે સટોડિયાની અટક

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસ ટીમે વાંકાનેરના જીનપરા જકાતનાકા નજીકથી આરોપી જીજ્ઞેશભાઇ ઉર્ફે પેપો અશ્વિનભાઇ વીંછી ઉવ.૩૫ રહે.વાંકાનેર દરબારગઢ રોડ કે જે અન્ય આરોપી કલ્પેશભાઇ બાબુલાલ મહેતા ઉવ.૪૬ ધંધો વકીલાત રહે.વાંકાનેર મેઇન બજાર સાથે મોબાઇલ ફોન ઉપર વાતચીત કરી ટાટા આઈપીએલની લખનઉ અને ચેન્નાઇ વચ્ચે રમાઈ રહેલ ક્રિકેટ મેચમાં મોબાઇલ મારફત રનફેર ઉપર રૂપિયાની હારજીતનો જુગાર રમી રહેલ બંને આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. એલસીબી પોલીસે બંને આરોપીઓ પાસેથી રોકડ રૂ.૨,૭૦૦/- તથા બે મોબાઇલ સહીત કુલ ૧૨,૭૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ વાંકાનેર સીટી પોલીસ મથકમાં બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પરસોત્તમ રૂપાલાને આગામી ૨૨ તારીખ સુધીમાં ફોર્મ પરત ખેંચવા ક્ષત્રિય સમાજનું અલ્ટીમેટમ

## ક્ષત્રિય આંદોલન ભાજપને ભારે પડવાનો પી.ટી.જાડેજાએ દાવો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ઉમેદવારી પરત ન ખેંચતા ક્ષત્રિય સમાજમાં આક્રોશ યથાવત છે. ક્ષત્રિય આંદોલન ભાજપને ભારે પડવાનો પી.ટી.જાડેજાએ દાવો કર્યો હતો. સાથે જ લોકસભાની ચૂંટણીમાં ૮ બેઠક પર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભાજપને હરાવી શકીશું તેવો પણ તેમણે દાવો કર્યો હતો. ધર્મ રથ થકી ભાજપના વિરોધ કરવાનો અને ક્ષત્રિય સમાજમાં કોઈ ભાગલા ન પડ્યાનો પી.ટી.જાડેજાએ દાવો કર્યો હતો. ક્ષત્રિય સમાજના અગ્રણીઓ આવતીકાલે ખોડલધામ દર્શન કરવા માટે જશે. નરેશભાઈ પટેલને આવતીકાલે મળવું કે કેમ તે સંકલન સમિતિ નક્કી કરશે.

તેમણે દાવો કર્યો હતો કે ક્ષત્રિય આંદોલનથી ભાજપને ૮ બેઠકો પર હરાવી શકાશે. રૂપાલા ઉમેદવારી પાછી ન ખેચે તો ભાજપ વિરૂદ્ધ મતદાન કરવામાં આવશે. ક્ષત્રિય સમાજમાં કોઈ ભાગલા ન પડ્યાનો તેમણે દાવો કર્યો હતો. રાજકોટ,જામનગર,પાટણ, બનાસકાંઠા બેઠક પર અસર કરીશું. ક્ષત્રિય સમાજનું આંદોલન પાર્ટ-૨ શરૂ થયું છે. આ આંદોલન નવી રણનીતિ સાથે શરૂ કરાશે. આંદોલન ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચાડાશે. ઉત્તર,મધ્ય અને દ.ગુજરાતમાં કાર્યક્રમો અપાશે. ધર્મરથ થકી ભાજપ વિરૂદ્ધ મતદાનની અપીલ કરાશે. સરકાર અમારી વાત કેમ નથી સ્વીકારતી. અમારા અલ્ટીમેટમને ભાજપે માન્ય રાખ્યો નથી.

પીટી જાડેજાએ કહ્યુ કે રાજપૂત સમાજે રૂપાલાને હટાવવાની માંગ યથાવત રાખી છે. સરકાર વાત નથી માનતી ત્યારે રાજપૂત સમાજે સ્પષ્ટ સ્ટેન્ડ લીધુ છે. ૨૦ વર્ષથી ક્ષત્રિય સમાજને ટિકિટ અપાઇ નથી.શાસક પક્ષે બે દશકથી ક્ષત્રિયોને અન્યાય કર્યો છે. દેશને એક બનાવનાર સમાજને ભાજપે અન્યાય કર્યો છે. ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની અમે અપીલ કરી છે. કોઈ પક્ષને ટેકો આપવા નહીં, પરંતુ ભાજપને હરાવવા અપીલ કરી છે. હજી સમય છે ૨૨ તારીખ સુધી રૂપાલા ઉમેદવારી પત્રક પરત ખેંચી લે.

આ આંદોલન અમારું કોંગ્રેસ માટે નથી. એક સાથે ૪૦૦ ક્ષત્રિયો ઉભા રહે તો અમારા મત ડાયવર્ટ થઈ જાય. હજી પણ સમય છે ૨૨ તારીખ સુધીમાં પરસોતમ રૂપાલા પોતાની ઉમેદવારી પરત ખેંચી લે. ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિયોને અમારે સાથે લાવવા પણ નથી તે ભાજપમાં છે તો ભાજપમાં રહે. અમારૂ યુદ્ધ હાર જીતની નથી અમારું યદ્ધ ધર્મનું છે.

# હળવદઃરીક્ષામાં ફેરા બાબતે બે સગાભાઈઓ ઉપર ત્રણ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં આવેલ રાજોધરજી સ્કૂલ પાસે રાત્રીના બસમાં ઉતારતા પેસેન્જરોને રીક્ષામાં બેસાડી ફેરા કરતા બે સગા ભાઈઓને અન્ય અલગ અલગ ત્રણ રીક્ષામાં ફેરા કરતા બે પુત્ર તથા પિતા સહીત ત્રણ શખ્સોએ આ પોઈન્ટ ઉપર ફેરા કરવા નહિ આવવાનું કહી લોખંડની ટામી દ્વારા માર માર્યાની હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ હતી.


હળવદ શહેરના ભવાનીનગર ઢોરા નજીક રહેતા નરેશભાઈ ચંદુભાઈ વિંધાણી અને તેમનો ભાઈ વિષ્ણુ ચંદુભાઈ વિંધાણી રાત્રી દરમિયાન રીક્ષા ચલાવતા હોય, જે પોતાની રીક્ષા રાજોધરજી સ્કૂલ પાસે મેલડી માતાજીના મંદિર સામે ઉભી રહેતી બસના પેસેન્જરોને પોતાની રીક્ષામાં બેસાડી ફેરા કરતા હોય ત્યારે આ જગ્યાએ અન્ય રીક્ષાના ફેરા કરતા અલગ અલગ રીક્ષા ચલાવતા ઘનશ્યામભાઈ મકવાણા, આનંદ ઘનશ્યામભાઈ મકવાણા તેમજ અશોક ઘનશ્યામભાઈ મકવાણાને આ પોઇન્ટ ઉપર નરેશભાઈ અને વિષ્ણુભાઈ રીક્ષાના ફેરા કરતા હોય તેનું સાર નહિ લગતા ત્રણેય પિતા-પુત્રો આવી બંને ભાઈઓને કહેવા લાગેલ કે આ પોઇન્ટ ઉપર ફેરા કરવા આવવાની ના પાડેલ છે તેમ કહી ગાળો આપી તમાચા મારી દીધા હતા બાદમાં લોખંડની ટામી દ્વારા તથા લાકડાના ધોકા દ્વારા બંને ભાઈઓની પાછળ દોડી માર માર્યો હતો. ત્યારે સમગ્ર માર મારવાના બનાવ મામલે નરેશભાઈ ચંદુભાઈ વિંધાણી દ્વારા ત્રણેય આરોપી આનંદ ઘનશ્યામભાઈ, અશોક ઘનશ્યામભાઈ તથા ઘનશ્યામભાઈ તમામ રહે.ભવાનીનગર ઢોરા વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વાંકાનેરના મીલપ્લોટ વિસ્તારમાંથી વર્લી આંકડા લેતો શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેરના મીલ પ્લોટ ડબલચાલી બજારમાં જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતની જુગાર રમતા પ્રવિણભાઈ ઉર્ફે મિથુન ભાણજીભાઈ કુણપરા ઉવ.૪૯ રહે.વાંકાનેર મીલપ્લોટ ડબલચાલીને પોલીસે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી વર્લી ફિચર્સના આકડાનું સાહિત્ય, રોકડા ૨૩૦/- તથા મોબાઇલ ફોન સહીત કુલ ૫,૨૩૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ વાંકાનેર સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# રૈયા લાઈટ હાઉસ ખાતે શ્રી હનુમાન જયંતિ તેમજ સંતશ્રી વેલનાથ ઉત્સવની સંયુકત ઉજવણી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૈયા સ્માર્ટ સીટી ન્યુ રેસકોર્ષ પાસે આવેલ વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ સમાન લાઇટ હાઉસ ખાતે રૈયા લાઇટ હાઉસ ગ્રુપ અને જીજાબાઈ ટાઉનશીપ સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે શ્રી હનુમાન જયંતિ તેમજ સંતશ્રી વેલનાથ તિથિ ઉત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન કરાયુ છે. ચૈત્ર સુદ પૂનમ તારીખ ૨૩/૪/૨૦૨૪ મંગળવારે છે જેમાં સાંજે ૫.૦૦ કલાકે દીપ પ્રાગટ્ય ૫.૩૦ કલાકે શોભાયાત્રા, સામૈયુ, સાંજે ૬.૩૦ કલાકે મહા આરતી, સાંજે ૭.૦૦ કલાકે ૧૧૪૪ ફ્લેટ ધારકોનું સ્નેહમિલન સમારોહ, ૭.૩૦ કલાકે સ્નેહ ભોજન, રાત્રે ૯.૦૦ કલાકે સંતવાણી સાથે સાંજે ૬.૦૦ કલાકે થી રાત્રે ૯.૦૦ કલાક સુધી બ્લડ ડોનેશન કેમ્પ(રકતદાન કેમ્પ)નું આ આયોજન ફકત જીજાબાઇ ટાઉનશીપ લાઇટ હાઉસના ફ્લેટ ધારકો પૂરતુજ મર્યાદિત રાખેલ છે. આ ઉત્સવ ગયા વર્ષે પણ સૌએ સાથે મળીને ઉજવેલ હતો લાઇટ હાઉસના ફ્લેટ ધારકોએ દર વર્ષે શ્રી હનુમાન જયંતિ અને વેલનાથ ઉત્સવ ચૈત્ર સુદ પૂનમના દિવસે વાર્ષિક ધર્મોત્સવ ઉજવશે હાલમાં ૧૧૪૪ ફ્લેટ ધારકોમાંથી આશરે ૬૦૦ જેટલા ફ્લેટ ધારકો રહે છે. અહીં તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મના લોકો રહે છે. કોઇપણ ઉજવણી આ ફ્લેટ ધારકો સાથે મળીને ઉજવે છે. રાજકોટમાં સૌથી વધુમાં વધુ તહેવારોની ઉજવણી લાઇટ હાઉસ ના આંગણે ઉજવાય છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રૈયા લાઇટ હાઉસ ગ્રુપ ની સાથે જીજાબાઈ ટાઉનશીપ સોસાયટીમાં ચાલતા તમામ ગ્રુપો, મંડળો સાથે હળીમળીને જહમત ઉઠાવી રહયા છે. તેમ રૈયા લાઇટ હાઉસ ગ્રુપના અગ્રણી દેવાંગભાઈ કુકાવા, દિનેશભાઈ અઘોલા તેમજ મેઈન કમિટિના સર્વે હોદેદારોની સંયુકત અખબાર યાદીમાં જણાવેલ છે.

# રૈયા ગામ પાસે રૂા.૨.૪૦ લાખના ડ્રગ્સ સાથે પેડલરની ધરપકડ કરતી એસઓજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા માદક પદાર્થોનું વેચાણ અને સેવન કરતા શખસો ઉપર અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે દરમિયાન શહેર એસઓજીની ટીમે બાતમી આધારે રૈયા ગામે સ્મશાન પાસે વોચ ગોઠવી રૈયાના શખસને ૨,૪૦,૧૦૦ની કિમતના ૨૪.૦૧ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં લોકસભા ચૂંટણી અન્વયે પોલીસ સઘન પેટ્રોલીંગ કરી રહી છે દરમિયાન એસઓજી પીઆઈ જે એમ કૈલા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સ્ટાને ખાનગીરાહે હકીકત મળી હતી કે રૈયા ગામના સ્મશાન પાસે એક શખસ શંકાસ્પદ હાલતમાં ઉભો છે અને તેની પાસે માદક પદાર્થ છે તેવી બાતમી આધારે તુરંત દોડી જઈ વોચ ગોઠવી બાતમીવાળો શખસ મળી આવતા નામઠામ પૂછતાં રૈયા ગામમાં વણકરવાસમાં રહેતો ભાવેશ પ્રવીણભાઈ રાઠોડ ઉ.૨૭ હોવાનું જાણવા મળતા તેને સકંજામાં લઈ જડતી લેતા તેની પાસેથી ૨,૪૦,૧૦૦ની કિમતનું ૨૪.૦૧ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવતા યુનીવર્સીટી પોલીસ મથકમાં ગુનો રજીસ્ટર કરાવી ડ્રગ્સ અને ૩ હજારનો ફોન કબજે કર્યો છે પોતે જ છૂટક વેચતો હોવાનું જાણવા મળ્યું છે ડ્રગ્સ ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો હતો તે જાણવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલમાં પાંચ કીલો ગાંજા સાથે ઓરિસ્સાનો ટ્રક ડ્રાઈવર ઝડપાયો

## વોરા કોટડા રોડ પર રૂરલ એસઓજીની ટીમે દબોચી લઈ રૂા.૬૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એસઓજીને મળેલીચોક્કસ બાતમીના આધારે ગોંડલના વોરાકોટડા રોડ ઉપર આવેલ હુડકો સોસાયટી બ્લોક નં. ૮૧માં રહેતા ટ્રક ચાલક અક્રમ રફીકભાઈ રાઠોડ ઉ.વ.૩૩ના ઘર ઉપર દરોડો પાડયો હતો. જેમાં પોલીસની તલાશી દરમિયાન ઘરના કબાટમાં છૂપાવેલ રૂા. ૫૪,૩૫૦ની કિંમતનો ૫.૪૩૫ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે એફએસએલ અધિકારી જે.એચ. જોશી પાસે મળી આવેલ ગાંજાના જથ્થાનું પૃથકરણ કરાવ્યાબાદ આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ગાંજાનો જથ્થો અને મોબાઈલફોન મળી કુલ રૂા. ૬૪,૮૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસની પુછપરછમાં આરોપી છેલ્લા છ મહિનાથી ગાંજાનો જથ્થો લાવી વેચાણ કરતો હોવાની કબુલાત આપી છે. તાજેતરમાં જ આરોપી ટ્રક લઈ ઓડીસા ગયો હતો અને ત્યાંથી ગાંજાનો જથ્થો વેચાણ અર્થે લઈ આવ્યો હતો અને હજુ ગઈકાલે સવારે જ ગોંડલ આવ્યો હતો.આ કામગીરી એસઓજીના પીઆઈ એફએ પારઘી, પીએસઆઈ બી.સી. મિયાત્રા, જયવીરસિંહ રાણા, અતુલભાઈ, સંજયભાઈ, ઈન્દ્રસિંહ, વિજયભાઈ, હિતેશભાઈ, અરવિંદભાઈ સહિતના સ્ટાફે કરી હતી.

# મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે નાર્કોટિક્સના ગુનામાં છ મહિનાથી નાસતા ફરતા આરોપીને એમપીમાંથી દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા વધુ એક નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો છે. જેમાં હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ નાર્કોટિક્સ ગુનામાં છેલ્લા છ મહીનાથી નાસતા ફરતા રાજસ્થાન રાજયના આરોપી ભેરુલાલ ઉર્ફે ભેરવનાથ ગુજરને મધ્ય પ્રદેશ રાજયના કુક્ષી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપીને પકડી લઇ હસ્તગત કરી હળવદ પોલીસ મથકમાં સોંપવાની



તજવીજ હાથ ધરી છે.

મોરબી પેરોલ સ્કવોડ ટીમના એએસઆઈ રામભાઇ મંઢ, જયવંતસિંહ ગોહીલ, હેડ કોન્સે. પૃથ્વીરાજસિંહ જાડેજા તથા દશરથસિંહ ચાવડાને ખાનગીરાહે હકિકત મળેલ કે, એનડીપીએસના ગુનાનો આરોપી ભેરૂલાલ ઉર્ફે ભેરવનાથ ગુજર(રાજસ્થાન)વાળો હાલ મધ્ય પ્રદેશ રાજયના ધાર જીલ્લાના કુક્ષી ખાતે આવેલ જયેશ કોટનમીલમાં ટ્રક ટ્રેઈલર લઇ માલ ભરવા આવેલ હોવાની ચોકકસ મળી હતી. જે બાતમીને આધારે મોરબી પેરોલ ફર્લો સ્કવોડની એક ટીમ બનાવી મધ્ય પ્રદેશ રાજયમાં તપાસ અર્થે પહોંચતા ઉપરોક્ત હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો આરોપી ભેરૂલાલ ઉર્ફે ભેરવનાથ હરીકીશન હજારીલાલ ગુજર ઉવ.૨૫ મૂળરહે.માતાજી કા ખેડા જવાસીયા ગામ તા.ગંગસર જી.ચિતોડગઢ (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી હળવદ પો.સ્ટે. ખાતે લાવી ઉપરોક્ત નોંધાયેલ ગુનામાં અટક કરી આગળની કાર્યવાહી અર્થે હળવદ પોલીસ મથકમાં સોપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# જામનગર-હાપા રોડ બન્યો લોહિયાળઃ ટ્રકની ઠોકરે રીક્ષાચાલકનું કમકમાટીભર્યું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર- હાપા ધોરી માર્ગ પર ટ્રક અને ઓટોરિક્ષા વચ્ચે ના અકસ્માતમાં રીક્ષા ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મૃત્યુ જામનગર નજીક હાપા રોડ પર પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે ઓટો રિક્ષા ને હડફેટે લઈ લેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો.જેમાં રીક્ષા ચાલક યુવાનનું ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવ સમયે લોકોના ટોળા એકત્ર થયા હતા . પોલીસને જાણ થતાં પોલીસ ટુકડીએ ઘટના સ્થળે દોડી જઈ , મૃતદેહનો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે . આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર - હાપા રોડ પર આજે સવારે જી.જે .૧૦





ટી.ઝેડ . ૨૨૫૩ નંબરની ઓટો રિક્ષાચાલક પોતાની રીક્ષા લઈને પસાર થઈ રહ્યો હતો.જે દરમિયાન ત્યાં પૂર નસ્ત્ર ઝડપે આવી રહેલા એક ટ્રક ના ચાલકે પોતાનો ટ્રક બેકાળજી પૂર્વક ચલાવી રીક્ષા ને ઠોકરે ચડાવતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો , અને રીક્ષા પલટી મારીને પડીકું વળી ગઈ હતી . જે અકસ્માતમાં રીક્ષા ચાલક ટ્રક અને રીક્ષા ની વચ્ચે દબાઈ ગયો હતો , અને તેને હેમરેજ સહિતની ગંભીર ઇજા થઈ હોવાથી ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.આ અકસ્માતના બનાવને લઈને આસપાસના વિસ્તારના લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું . દરમિયાન ટ્રક ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટયો હતો . સમગ્ર મામલે પોલીસને જાણ કરાતાં પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી , અને મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે , જ્યારે મૃતકની ઓળખ કરવા માટે અને અકસ્માત સર્જીને ભાગી છૂટેલા ટ્રક ચાલકને શોધવા માટેની કવાયત શરૂ કરાઈ છે .

# જામનગરના બે નામચીન દારૂના ધંધાર્થીઓ સામે એસ.પી. દ્વારા પાસાનું શસ્ત્ર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને દારૂના ધંધાર્થીઓને કંટ્રોલમાં કરવાના ભાગરૂપે જિલ્લા પોલીસ વડા દ્વારા બે બુટલેગર સામે પાસા નું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે, અને બંનેની પાસા હેઠળ અટકાયત કરી લઇ અમદાવાદ અને સુરતની જેલમાં ધકેલી દેવાયા છે.જામનગરમાં સાધના કોલોની બ્લોક નંબર એમ -૬૯ ની પાછળ રહેતો મહેન્દ્ર ઉર્ફે બાડો રતિલાલ રાયઠઠ્ઠા કે જેની સામે ૭ થી વધુ દારૂ અંગેના કેસ નોંધાયેલા છે. જે દારૂના ધંધાર્થી સામે જિલ્લા પોલીસ વડા દ્વારા પાસા હેઠળની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા સમાહર્તા સમક્ષ મોકલવામાં આવી હતી, જે મંજૂર કરવામાં આવી હોવાથી એસપી પ્રેમસુખ ડેલુની સૂચનાથી એલસીબી ની ટુકડીએ દારૂના ધંધાર્થી





મહેન્દ્ર રતિલાલ રાયઠઠ્ઠા ની પાસા હેઠળ અટકાયત કરી લઇ અમદાવાદની સાબરમતી જેલમાં ધકેલી દેવાયો છે.આ ઉપરાંત સાધના કોલોની વિસ્તારમાં જ રહેતા અભિષેક ઉર્ફે શેરો મુકેશભાઈ બદીયાણી નામના શખ્સ સામે પણ દારૂ અંગેના બે કેસ નોંધાયા હોવાથી તેની સામે પણ પાસા હેઠળની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. અને તે મંજૂર થઈને આવી હોવાથી એલસીબી ની ટુકડીએ અભિષેક બદીયાણી ની પણ પાસા હેઠળ અટકાયત કરી લઈ સુરતની લાજપોર જેલમાં ધકેલી દેવાયો છે.


# BAPS સ્વામિનારાયણ મંદિરે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી રામનો પ્રાગટ્યપર્વ ધામધૂમપૂર્વક ઉજવાયો

## જન્મોત્સવની વિશિષ્ટ સભામાં હજારો ભક્તોએ ભગવાનમાં જોડાવવા માટે ઉપયોગી માધ્યમો વિષે માર્ગદર્શન મેળવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

BAPS સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભગવાન શ્રી રામના પ્રાગટ્યોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે ઉપક્રમે સવારે ૭:૩૦ થી ૮:૪૫ દરમ્યાન ઠાકોરજીની વૈદિક મહાપૂજાવિધિ યોજાઈ હતી. જેમાં કોઠારી પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામીના અધ્યક્ષ સ્થાને પૂજ્ય વિશ્વેશતીર્થ સ્વામી અને પૂજ્ય અક્ષરકીર્તિ સ્વામીએ ઉપસ્થિત સૌને મહાપૂજા વિધિમાં જોડ્યા હતા. મહાપૂજાવિધિ બાદ સંતોએ ઠાકોરજીને જન્મોત્સવ પર્વે કેસર જલાભિષેક કરી વધાવ્યા હતા.







ત્યારબાદ ૮:૪૫ થી ૯:૧૫ દરમ્યાન નીલકંઠવર્ણી મંડપમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની કેસર જલાભિષેક વિધિ સાથે સહજાનંદ નામાવલીનો પાઠ યોજાયો હતો. આજના જન્મોત્સવ પર્વે ભક્તોએ ભગવાનના વિશિષ્ટ નૂતન શણગાર દર્શન અને શણગાર આરતી દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ઉપસ્થિત ભકતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજને કેસર જળથી અભિષેક દ્વારા વધાવ્યા હતા. ભક્તોએ બપોરે ૧૨ વાગ્યે શ્રીરામ જન્મોત્સવની આરતીનો લાભ લીધો હતો. તેમજ સાંજે મંદિર પરિસર પર ઠાકોરજી સમક્ષ અન્નકૂટ થાળગાન, સંધ્યા આરતી અને અન્નકૂટ દર્શનનો લાભ લીધી હતો.

સાંજે ૫ થી ૬ દરમિયાન શ્રી નીલકંઠવર્ણી અભિષેક મંડપમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૬ થી ૭ દરમિયાન મંદિર પર ઠાકોરજી સમક્ષ અન્નકૂટ થાળ ગાન તથા સંધ્યા આરતી યોજાઈ હતી.

રાત્રે ૮ થી ૧૦:૧૫ દરમ્યાન પ્રમુખસ્વામી સભાગૃહમાં ભગવાન સ્વામિનારાયણ ૨૪૩મા જન્મોત્સવની વિશિષ્ટ સભા યોજાઈ હતી. જેમાં આધ્યાત્મિક માર્ગે ચાલતા મુમુક્ષુઓને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રેરણાદાયી ચરિત્રો, ચિન્હો અને ચેષ્ટા દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણમાં કઈ રીતે જોડાવું એ માટે વિવિધ માધ્યમો દ્વારા માર્ગદર્શન પાઠવવામાં આવ્યું હતું.

આ જન્મોત્સવની સભાના અંતમાં રાત્રે ૧૦:૧૦ વાગ્યે શ્રીહરિ પ્રાગટ્યોત્સવની ધૂન, આરતી અને કીર્તનગાન રૂપી ભકિત દ્વારા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મોત્સવની ઉજવણી કરી સૌ ભક્તોએ ઘનશ્યામ મહારાજને પારણે ઝુલાવવાનો અને સમીપ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. અંતમાં સૌ ભક્તો-ભાવિકો શ્રીહરિના સ્મૃતિઓને સંભારી ભગવાનમાં જોડાવવાના દૃઢ સંકલ્પ સાથે વિદાય થયા હતા.

સમગ્ર દિવસ દરમ્યાન કાલાવડ રોડ મંદિરે ૧૦,૦૦૦ થી અધિક ભક્તો-ભાવિકોએ ઠાકોરજી અન્નકૂટ દર્શન અને વિશિષ્ટ સભાનો તેમજ રાજકોટમાં નિર્મિત વિવિધ સંસ્કારધામોમાં ભક્તો-ભાવિકોએ અન્નકૂટ દર્શન અને આરતીનો લાભ લીધો હતો.

# ધોરાજીમાં ખેડૂતના એક લાખ રૂપિયાની ચોરી કરનાર મહિલા ગેંગ ઝડપાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ધોરાજીમાં રહેતા ખેડુત ખેતીના ધીરાણની ફેરબદલી માટે ધોરાજીમાં આવેલી બેંક ઓફ બરોડામાંથી રૂ.૧ લાખની રકમ ઉપાડી હતી અને બાદમાં બેંક પાસબુકમાં એન્ટ્રી કરાવવા માટે લાઈનમાં ઉભા હતા ત્યારે ખેડુતની પાછળ લાઈનમાં ઉભેલી બે અજાણી મહિલાએ ખેડુતની નજર ચુકવી થેલીમાંથી રૂ.૧ લાખની રકમની તફડાવી ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે ખેડુતની ફરિયાદ પરથી બે અજાણી મહિલા સામે ગુનો નોંધ્યો હતો. દરમિયાન પોલીસે બેંકના સીસીટીવી કેમેરાના ફુટેજ તથા બાતમીના આધારે જુનાગઢ રેલ્વે સ્ટેશન પરથી એમપી પંથકની રાધીકાબેન ચેતન સીસોદીયા, મમતાબેન આશીષ સીસોદીયા, માલતીબેન ધર્મેન્દ્રસિહ સીસોદીયા, અનુરાધા પ્રદીપ સીસોદીયા અને સ્વેતાબેન માધવસીગ સીસોદીયાને ઝડપી લઈ એક લાખની રોકડ અને ત્રણ મોબાઈલ કબ્જે કર્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.



# વિવાદિત તબીબ વિરુદ્ધ વધુ એક દુષ્કર્મની ફરિયાદ

# Shaadi.com મારફતે યુવતીનો સંપર્ક કરી પ્રેમ લગ્ન કરી તબીબે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો

## પરિણીત હોવાનું તબીબીના પરિવારે છુપાવી યુવતી સાથે છેતરપિંડીથી લગ્ન કર્યા, પુત્રીઓને આપવાનો ઈનકાર કરી યુવતીને માર માર્યો: ગાંધીગ્રામ પોલીસમાં તબિયત અને તેના પરિવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાય

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં પોલીસે ગેરકાયદે રીતે ગોંધી રાખી માર માર્યાની ફરિયાદ કરનાર સામા કાંઠાના વિવાદિત તબીબ શ્યામ રાજાણી વિરુદ્ધ વધુ એક દુષ્કર્મની ફરિયાદ મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવી છે બનાવના પગલે પીઆઇ જાડેજા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી શ્યામ રાજાણી ના માતા પિતા અને બહેનને શકંજા મા લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ માધાપર ચોકડી પાસે આવેલા દ્વારિકા હાઇટ્સ ફ્લેટમાં ભાડાના મકાનમાં રહેતી એક ૨૭ વર્ષીય લોહાણા યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે જેમાં સામા કાંઠે કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી ગ્રીન એવન્યુ એપાર્ટમેન્ટ ના બીજા મળે રહેતો અને અગાઉ અનેક વિવાદોમાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો ડોક્ટર શ્યામ હેમંત રાજાણી તથા સિવિલ હોસ્પિટલના નિવૃત્ત કર્મચારી હેમંત રાજાણી તબીબ ની માતા ભારતી રાજાણી અને તેની બહેન પારુલ રાજાણી સહિત ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

યુવતીએ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે અગાઉ વિવાદિત તબીબ શ્યામ રાજાણીએ shaadi.com એપ્લિકેશન મારફતે તેનો સંપર્ક કરી પરિચય કેળવી એકબીજાના પરિવારની સંમતિથી યુવતી સાથે રજીસ્ટર મેરેજ કર્યા હતા આ સમયે શ્યામ રાજાણીએ તેના અગાઉ લગ્ન થયા હોય તેની જાણ કરી ન હોય અને તેની માતા-પિતા તથા પરિવારના સભ્યોએ આ વાત છુપાવીને છેતરપિંડી કરી યુવતી સાથે શ્યામ રાજાણીએ અવારનેવાર મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી બળજબરી કરતો હોય ત્યારબાદ યુવતીની બે દીકરીઓ નો જન્મ થયો હતો ત્યારબાદ આ બંને પુત્રીઓને આપવાની ના પાડી અવરને વાત ઝઘડો કરી માર મારી બેફામ ગડા ગાડી કરતો હોય જેથી મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઇ બીબી જાડેજા સહિતના સ્ટાફે તપાસ હાથ કરી આરોપીઓને શકંજા માં લઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જેલ કર્મચારીના બંધ મકાનમાં ચોરી કરનાર આંતર રાજ્ય ગેંગની ધરપકડ

## બંન્ને શખ્સોએ રાજકોટ–સૌરાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ચોરી–લૂંટના ગુનાને અંજામ આપ્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરત ક્રાઈમ બ્રાન્ચનાના સ્ટાફે રાજકોટ જેલના સિનિયર ક્લાર્કના બંધ મકાનમાંથી સોનાં ચાંદીના દાગીના અને જામ જોધપુરમાં બેંકમાંથી રૂપિયા ૨૦ લાખ સાથેની બેગ ખેંચી લેવા સાથે મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ રાજ્યોમાં વોન્ટેડ બે આંતરરાજ્ય અપરાધીઓની પુછપરછમાં ભેદ તપાસમાં ખુલ્યો હતો. આ બનાવમાં પોલીસે અગાઉ મોબાઈલ ફોન તેમજ વાહન ચોરીના સહિતના ગુનાઓમાં પકડાયેલ આરોપી દસ્તગીર ઉર્ફે રબ્બાની ઉર્ફે ટાઇગર મોહમદસકિલ ખલીલ કુરેશી અને નરસિંહ રવજી ખણધર રાજકોટના ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મકાનમાંથી ઘરેણા અને લેપટોપ સહિતનો કિંમતી સામાન ચોરી કર્યો હતો અને બંને મધ્યપ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં નાસતા- ફરતા હોવાની ચોક્કસ બાતમી હકીકતના આધારે ક્રાઈમ બ્રાંચના પોલીસ માણસોએ ઉન પાટીયા ભીંડી બજાર પાસે જાહેર રોડ પરથી દસ્તગીર ઉર્ફે રબાની ઉર્ફે ટાઈગર મોહમદ સકિલ ખલીલ કુરેશી અને નરસિંહ રવજીભાઈ ખણધરને પકડી લીધા હતા.

તેમજ બંને આરોપીઓ ભેગા મળીને મધ્ય પ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટના ત્રણ ગુનાઓને અંજામ આપ્યો હતો. લૂંટના ગુનાઓમાં નામદાર ખારગૌનના એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટ તરફથી બંને આરોપીઓને ત્રણેય લુંટના ગુનામાં કલમ ૭૦ મુજબનું વોરંટ જારી કરીને ફરારી જાહેર કરવામાં આવ્યા હતા. એકાદ વર્ષ પહેલા બંને આરોપીઓએ સુરત શહેરમાંથી વાહન ચોરી કરીને જામનગર જીલ્લા જામ જોધપુરમાં ફરિયાદી બેંકમાંથી રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ઉપાડીને જતા હોય તેઓની બેગ છીનવીને ભાગી ગયા હતા. ૨૦૧૯ માં લાલપુર ખેતી વાડી મંડળીના મંત્રી નરશીભાઈ પાસેથી મોટી રકમની લૂંટ કરવાનું કાવતરું રચ્યું હતું તેમજ મોટી રાફુદળ ગામમાં આવેલ ગૌરીશંકર મહાદેવજીના પ્રાંગણમાંથી રાધાકૃષ્ણની મૂર્તિની ચોરી કરી હતી.

# ગોંડલ આશાપુરા ચોકડી પાસે ચોરાઉ બાઈક સાથે શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઇવે પર આવેલા આશાપુરા ચોકડી પાસે મામાદેવના મંદિર નજીક રૂરલ એલસીબી ટીમ વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન રાજકોટના ચુનારાવાડ વિસ્તારમાં રહેતો વિજય ઉર્ફે વજુ અમરસિંહ ચારોલા નામનો શખ્સ ચોરાઉ બાઈક સાથે નીકળતા પોલીસે તેને અટકાવી રૂપિયા ૩૫,૦૦૦ નું બાઈક કબજે કરી આખરી પૂછપરછ કરતા આ શકશે અગાઉ લોધિકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી કરી હોવાની કબુલાત આપી હતી.



# ટંકારા–દહીંસરા રોડ પર કાર પલ્ટી ખાઈ જતા મોરબીના સગા બે ભાઈઓના કરૂણ મોત

## વિસીપરામાં રહેતા ચાર યુવાનોને ધ્રોલ જતી વેળાએ અકસ્માત નડયો: અન્ય બે ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા -પડધરી રોડ વધુ એક વખત રક્તરંજિત બન્યો હતો. મોરબીના ચાર મિત્ર કોઈ કામ સબબ ધ્રોલ જતા હોય એ વખતે ટંકારા તાલુકાના નેકનામ દહીંસરા વચ્ચે અચાનક જ ચાલકે સ્ટીયરિંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર હાઈવે પરથી ગોથું ખાઈને રોડ નીચે ઉતરી ગઇ હતી અને નીચે ખાબકી પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમા સવાર ચાર પૈકી બે સગા ભાઈના સ્થળ પર જ ગંભીર ઇજાના લીધે મોત નિપજયા હતા. જયારે અન્ય બે મિત્રને ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા હતા.



મળતી માહિતી મુજબ ગુરૂવારે બપોરે ટંકારા પડધરી ડબલ પટ્ટી રોડ પર ટંકારા તાલુકાના નેકનામ દહીંસરા વચ્ચે સડસડાટ પસાર થતી કાર ના ચાલકે ઓચિંતા સ્ટીયરિંગ પર કાબુ ગુમાવતા કાર રોડ પરથી ગોથું ખાઈ અને રોડ નીચે ખાડામાં પલ્ટી મારી ગઇ હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જાણવા મળ્યા પ્રમાણે અકસ્માત સર્જનારી કારમા ચાર મિત્ર બેઠા હોય જે પૈકી મોરબીના વિસીપરામા રહેતા બે સગા ભાઈ સોયેબ હૈદર જેડા (ઉ.૩૭) અને તેના નાનાભાઈ અલ્તાફ (ઉ.૨૪)નુ ઘટના સ્થળે જ ગંભીર ઇજાના પગલે મોત નિપજ્યુ હતુ. જ્યારે અન્ય બે મિત્ર સાહિદ ઈલ્યાસ કટીયા અને સંજય અવચર ઝીંઝુવાડીયાને ગંભીર ઈજા થતા સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડાયા હતા. જાણવા મળ્યા પ્રમાણે ચારેય મિત્ર કોઈ કામ સબબ ધ્રોલ જવા નિકળ્યા હતા. અને અકસ્માત સર્જાતા બે આશાસ્પદ સગાભાઈઓના કરૂણ મોત નિપજયા હતા.

# મેટોડા કંપનીમાં કામે જતા રાજકોટના પ્રૌઢનું બસમાં બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં નાનામવા રોડ પર રાજનગર ચોકમાં રહેતા પ્રૌઢ કંપનીની બસ લઈ મેટોડા ગયા હતા. ત્યાં અચાનક બેભાન થઈ જતાં તેમને હોસ્પિટલે ખસેડવામાં આપતાં ફરજ પરના તબીબે મૃત જાહેરે કર્યા હતા. આ મામલે તબીબે હાર્ટએટેકનો અભિપ્રાપ આપ્યો હતો. તેમના મૃતદેહને પોસ્ટ મેર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ રાજનગર ચોક પાસે રહેતા રમેશભાઈ મેવાભાઈ સોલંકી (ઉ.વ.પર) નામના પ્રૌઢ મેકપાવર ઈગઈ કંપનીની બસ લઇ મેટોડા હતા. ત્યારે અચાનક તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાં તેઓ બેભાન થઈ ગયાં હતા અને હોસ્પિટલે ખસેડવામાં આપતા ફરજ પરતના તબીબે મૃતજાહેર કર્યા હતાં. રમેશભાઈ ચારભાઈમાં મોટા અને તેમને સંતાનમાં એક પુત્ર એક પુત્રી છે. તેમજ તેઓ કંપનીની બસ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતાં.

# સેલ્ફ ડ્રાઈવિંગના બહાને કાર લીધા બાદ બારોબાર વેચી નાંખવાનું કૌભાંડ ઝડપાયું

## રાજકોટ અને જામનગરના શખ્સોએ ઉચુ ભાડુ આપી ૭૦ ગાડીઓ વેચી નાંખી: ક્રાઈમ બ્રાંચે માળીયા મિયાણાથી ૧૮ ગાડી કબ્જે કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે સઘન તપાસ કરી 'સેલ્ફ ડ્રાઈવિંગ'ના નામે ભાડેથી ગાડી મેળવી લીધા બાદ તેની ઓળવી જવાના એક સુવ્યવસ્થિત કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં એવો ખુલાસો થયો છે કે આ કાંડમાં સામેલ રાજકોટ-જામનગરની ભેજાબાજ બેલડીએ ભાડેથી ૭૦ જેટલી ગાડી મેળવી લઈ તેને બારોબાર વેચીને રોકડી કરી લીધી છે !

આ અંગેની માહિતી મુજબ રૂષિકુમાર હિંમતભાઈ ચોવટીએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યા પ્રમાણે કોઠારિયા રોડ પર રહેતો આકાશ ઉર્ફે અક્કી અને જામનગર રહેતો બિલાલશા હસનશા શાહમદારે દોઢ મહિના પહેલાં રૂષિના પિતરાઈ કૃતિક પાસેથી સ્કોર્પિયો ગાડી પ્રતિદિવસ ૪૩૦૦ રૂપિયાના ભાડે લીધી હતી. જો કે વિશ્વાસ હોવાને કારણે કોઈ ભાડાકરાર કર્યો ન્હોતો. આકાશે એક મહિના સુધી ભાડું પણ આપ્યું હતું. જો કે ગાડીની જરૂર પડતાં પરત માંગી હતી જે પછી આકાશ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને ગાડી જામનગરના બિલાલશા પાસે હોવાનું કહ્યું હતું. છેલ્લા ઘરા સમયથી ગાડું કે ભાડું ન મળતાં આખરે આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

આ પછી ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસમાં ઝંપલાવ્યું હતું અને સ્કોર્પિયો ગાડી મોરબીના માળિયા મિયાણા ગામે પડી હોવાની બાતમી મળતાં જ ટીમે ત્યાં પહોંચી જઈને તપાસ કરતાં એક નહીં બલ્કે આ રીતે ભાડે મેળવાયેલી ૧૮ જેટલી ગાડીઓ મળી આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે કૌભાંડના માસ્ટર માઈન્ડ આકાશ ઉર્ફે અક્કી અને બિલાલશાને સકંજામાં લઈ લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી બાજુ પોલીસ તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે બન્નેએ મળીને ગુજરાતના અલગ-અલગ શહેરોમાં ૭૦ જેટલી ગાડીઓ વેચી નાખી હોવાથી હવે તે ગાડીઓ કબજે લેવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

# પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીના નામે ફેક ન્યૂઝ પ્લેટ સોશિયલ મિડિયામાં વાયરલ કરનારની શોધખોળ

## પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરાઈ: ભાજપ અને વિજયભાઈની પ્રતિભાને નુકસાન પહોંચાડવાનું ષડયંત્ર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના અગ્રીમ હરોળના વરિષ્ઠ આગેવાન વિજયભાઈ રૂપાણીના નામની ફેક ન્યુઝ પ્લેટ બનાવી તેમની સ્વચ્છ પ્રતિભા અને ભાજપ પક્ષને નુકશાન પહોચાડવાનું કામ કરનાર શખસ સામે ફોજદારી દાખલ કરવા પોલીસ કમિશનરને રૂબરૂ લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

રાજકોટ સીપીને કરેલી લેખિત ફરિયાદમાં રૂપાણીએ જણાવ્યું હતું કે હાલ લોકસભાની ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે અને પક્ષ દ્વારા તેમને સ્ટાર પ્રચારક તરીકે જવાબદારી સોપવામાં આવી છે આ રાજકીય માહોલ વચ્ચે એક ખાનગી ન્યુઝ ચેનલની ફેક ન્યુઝ પ્લેટ વાયરલ થઇ હતી જેમાં મારા નામથી કોની પાસેથી મત લેવા તે અમને શીખવાડવું નહિ, બે ચોક્કસ જ્ઞાતિને ટાર્ગેટ કરી અમારે એ જ્ઞાતિના મતની જરૂર નથી તેવું લખાણ લખેલી ન્યુઝ પ્લેટ વાયરલ કરવામાં આવી હતી આવી એડિટ કરેલી બનાવટી પ્લેટ અને ખોટા નિવેદનો ઉભા કરી હીન કૃત્ય આચરવાથી મારી અને અમારા ભારતીય જનતા પક્ષને નુકશાન પહોચાડવાનું કામ કરવામાં આવ્યું છે આવા ખોટા મેસેજ વાયરલ કરવાથી રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર અસર થઇ શકે તેમ છે આવા ફેક મેસેજથી મેં વર્ષો સુધીમાં કમાયેલી પ્રતિષ્ઠાને હાની પહોચે તેમ છે મેં રાજ્યના મુખ્યમંત્રી તરીકે રહી સમાજની સેવા કરી છે તેમજ ઘણા સંવેધાનિક હોદાઓ ભોગવી ચુક્યો છું નિષ્કલંક રાજકીય કારકિર્દીથી મારી સર્વ સમાજમાં બહોળી પ્રતિષ્ઠા ધરાવું છું ત્યારે જે ખાનગી ન્યુઝ ચેનલની પ્લેટ વાયરલ થઇ છે તે ચેનલ દ્વારા પણ આ પ્લેટ બોગસ હોવાનું જણાવ્યું છે ત્યારે આવી ફેક પ્લેટ બનાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉચ્ચારી છે.

# રાજકોટ આંબેડકરનગરના પીડીતોની મુલાકાત લેતા સાંસદ, ધારાસભ્ય અને આગેવાનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ૧૪ એપ્રિલ ૨૦૨૪ની રાત્રે કસ્ટોડિયલ ડેથની દુઃખદ ઘટના બની છે. ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં બે પાડોશી અંદરોઅંદર ઝઘડ્યા હોવાથી એક પાડોશીના કહેવાથી સમાધાન કરવા હમીરભાઈ રાઠોડ (૩૪) ગયેલ. તે સમયે માલવીયાનગર પોલીસ મથકના અર્જાઈ અશ્વિન કાનગડ અને સ્ટાફે હમીરભાઈને પકડી પોલીસ મથકે લઈ જઈ ઢોર માર્યો. પરિવારજનો પોલીસ સ્સ્ટેશને ગયા. રાત્રીના એકાદ વાગ્યે પાડોશી નાનજીભાઈએ પોતાના એકટીવા પર બેસાડી હમીરભાઈને ઘરે પરત લઇ આવેલ હતા, ત્યારે તે અર્ધબેભાન હાલતમાં હતા. તે સુઇ ગયેલ. સવારે ઉઠેલ નહી. તેમનુ પેન્ટ ખરાબ થઇ ગયેલ. તેમનું પેન્ટ અને શર્ટ બદલતા તેના શરીરે માર મારેલના ચાંભા જોવામાં મળેલ. તેથી બેભાન હાલતમાં વોકહાર્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરેલ. પરંતુ ૧૬ એપ્રિલના રોજ તેમનો જીવ જતો રહેલ.





આંબેડકર નગરમા પીડીતોની રૂબરૂ મુલાકાત લેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, દલિત સમાજના ક્રાંતિકારી ધારાસભ્ય જીગ્નેશભાઇ મેવાણી, જગદીશ ઠાકોર, સિદ્ધાર્થભાઇ પટેલ, પુંજાભાઇ વંશ, ભીખુભાઇ વારોતરીયા ની સાથે રાજકોટ શહેર કોંગ્રેસ અનુસૂચિત જાતી વિભાગ ચેરમેન નરેશ સાગઠીયા દલિત સમાજના આગેવાન માવજીભાઇ રાખશીયા, રમેશ મુછડીયા, જયંતિભાઇ રાઠોડ, રવજીભાઇ ખીમસુરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

# ભાડે આપેલી કાર શોધવા ગયેલા રાજકોટના ૧૩ શખ્સોનો મોરબીમાં હંગામો

## વિસીપરામાં મામલો ગરમાયો: પોલીસ પહોંચી જતા રાજકોટના ૧૩ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વિસીપરા વિસ્તારમાં મોડીરાત્રે અલગ અલગ ત્રણ ગાડીમાં આવેલા રાજકોટના ૧૩ શખ્સોએ અન્યની કારને પોતાની હોવાનું સમજી કાર બળજબરીથી લઈ જવા પ્રયાસ કરી બઘડાટી બોલાવતા લોકોના ટોળા એકત્રિત થઇ ગયા હતા સાથે જ પોલીસ પણ સમયસર પહોંચી ગઈ હતી, સમગ્ર મામલે રાજકોટના શખ્સોએ મહિલા સાથે બેહુદગી આચરતા મહિલાએ તમામ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબીના વિસીપરામાં બનેલી ઘટના અંગે કરિયાદી સરીફાબેન ઉર્ફે મુમતાજબેન દાઉદભાઈ જામે રાજકોટના (૧) આનંદ ગણપતભાઈ દવે (૨) ભાવીક ભરવાડ(૩) રવી ભરવાડ(૪) અભય મકવાણા (૫) ધવલ મકવાણા (૬) ધર્મેશ બારોટ (૭) ધવલભાઈ મુકેશભાઈ પ્રજાપતિ (૮) રજત સાવલીયા (૯) પાર્થ પટેલ (૧૦) વિવેક ઉમરેઠીયા (૧૧) ભરત ડાંગર (૧૨) સમીર સલીમભાઈ શાહમદાર (૧૩) સાહિલ બોદુભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, બુધવારે મોડીરાત્રે આ તમામ શખ્સ તેમના ઘર પાસે આવી પાડોશમાં રહેતા રસુલભાઇની હુન્ડાઈ કંપનીની વેરના ગાડી લઈ જવાની કોશિશ કરતા હોય શરીફાબેન અને તેમના પતિએ આરોપીઓને રોકયાં હતાં.

વધુમાં રાજકોટથી અલગ-અલગ ત્રણ ગાડીમાં આવેલા શખ્સોએ જણાવ્યું હતું કે અમે ગાડી ભાડે આપીએ છીએ અને આ ગાડીમાં જીપીએસ ફિટ કરેલ છે અમારી ગાડી ભાડે ગયા બાદ ભાડું મળ્યું ન હોય આજે અમે ગાડી લેવા આવ્યા છીએ અમને કોઈ રોકી ન શકે કહી હંગામો મચાવી શરીફાબેન સાથે બેહુદગી ભર્યું વર્તન કરી બોલાચાલી અને ઝઘડો કરી ગાળાગાળી બાદ જાનથી મારી નાખવા ધમકી આપતા બનાવ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે તમામ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# ચૂંટણી પૂર્વે પાંચ જિલ્લામાં પોલીસ એકશાન મોડમાં: ૨૨૮ને પાસામાં ધકેલી દેવાયા

## પોલીસ દ્વારા ૪૭૨૬૫ સામે અટકાયતી પગલાં લેવાયા: ૮૦૬૫ હથિયાર જમા કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ચુંટણી અનુસંધાને ૪૭,૨૬૫ અટકાયતી પગલા લેવામાં આવેલ છે તેમજ ૨૨૮ આરોપી સામે પાસા દરખાસ્ત અને ૪૪૯ આરોપીને હદપારના હુકમ કરેલ છે. જેમાં સુરેન્દ્રનગરમાંથી ૧૫૨૪૫ સામે અટકાયતી, ૧૨૪ તડીપાર અને ૬૦ને પાસા, મોરબીમાંથી ૯૯૪૯ સામે અટકાયતી, ૫૧ તડીપાર અને ૨૨ને પાસા, રાજકોટ ગ્રામ્યમાંથી ૧૩૫૦૮ સામે અટકાયતી, ૧૫૮ તડીપાર અને ૭૦ને પાસા, જામનગરમાંથી ૬૬૯૬ સામે અટકાયતી, ૮૬ તડીપાર અને ૫૧ને પાસા અને દેવભુમિ દ્વારકામાંથી ૫૬૫૦ સામે અટકાયતી, ૩૦ તડીપાર અને ૨૫ને પાસા હુકમ કરવામાં આવ્યા છે તેમજ ૫

જીલ્લામાં ૪,૦૫૬ નોનબેલેબલ વોરંટોની બજવણીમાં ૮૦.૦૦% બજવણી કરવામાં આવેલ છે અને બાકીની બજવણી પ્રક્રિયા ચાલી રહી છે આ ઉપરાંત ગે.કા.હથીયારધારાના ૨૦ કેસોમાં ૨૦-હથીયાર, ૨૮ કાર્ટીસ કબ્જે કરેલ છે. જેમાં સુરેન્દ્રનગરમાં ૬ હથીયાર, ૨ કાર્ટીસ, મોરબમાં ૮ હથીયાર, રાજકોટ ગ્રામ્યમાં ૩ હથીયાર ૬ કાર્ટીસ, જામનગરમાં ૨ હથીયાર અને દેવભુમિ દ્વારકામાં ૧ હથીયાર કબ્જે કરેલ છે ઈંગ્લીશ તેમજ દેશી દારૂના કુલ-૩,૧૨૯ કેસો કરવામાં આવેલ છે જેમાં આરોપીઓ પાસેથી કુલ રૂ.૩,૬૪,૧૪,૪૯૧/- નો ઈંગ્લીશ તથા દેશીદારૂ તેમજ વાહન સહીત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૩,૬૯,૦૩,૯૦૯નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે રાજકોટ રેન્જના ૫ જિલ્લાઓમાં કુલ ૮,૦૮૦ હથીયારો પૈકી કુલ ૮,૦૬૫ લાયસન્સવાળા હથીયારો જમા લેવામાં આવેલ છે તેમજ રાજકોટ રેન્જમાં ૩૯ નાસતા-ફરતા આરોપીને અટક કરવામાં આવેલ છે.

# વાવડીની મહંમદી બાગ સોસાયટીમાં ક્રિકેટ રમતી વેળાએ બેભાન થઈ જતા તરુણનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી નાની વયના યુવાનો અને તરુણો નું બેભાન થવાથી મોત થયા હોવાનું ભૂતકાળમાં પોલીસ ચોપડે નોંધાયું છે ત્યારે રાજકોટની ભાગોળે વાવડી ગામ પાસે આવેલ મહંમદ બાગ સોસાયટીમાં ક્રિકેટ રમતી વેળાએ ૧૩ વર્ષનો કિશોર બેભાન થઈ મોત નીપજતા પરિવારમાં ઘેરો સોક વ્યાપી ગયો છે.

અંગેની માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલા વાવડી ગામ પાસે લક્ષ્મીનારાયણ સોસાયટીની નજીક આવેલી મહમદી બાગ સોસાયટીમાં રહેતો રેનીઝ રજાકભાઈ નકાણી નામનો તરુણ ગઈકાલે સાંજના સમયે સોસાયટી ના ગ્રાઉન્ડમાં ક્રિકેટ મેચ રમતો હતો ત્યારે અચાનક બેભાન થઈ જતા તેને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબો એ જોઈ તપાસી તરુણને મૃતક જાહેર કરતા પરિવારમાં કરુણ કલ્પાત સર્જાયો હતો બના અંગેની જાણ રાજકોટ તાલુકા પોલીસ ને કરવામાં આવતા પી.એસ.આઇ એલ બી ડીડોર સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જાય પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.